ॐ

મુમુક્ષુઓ પ્રતિ,

અત્રે માત્ર આત્માર્થીઓને માટે જ "દૃષ્ટિનો વિષય" સ્પષ્ટ કરવા માટે મારા સ્વાનુભૂતિ પૂર્વક ના વિચારો (અનુભવ) જણાવું છું. તેના ઉપર વાદ-(વિવાદ) અથવા ચર્ચા માટે નહી. બીજુ હું કોઈ વિદ્ધાન અથવા પંડિત ન હોવાથી મારી રજુઆત શૈલી અને ભાષા ઉપર ન જતાં, માત્ર આત્માર્થે પ્રસ્તુત વિષયનો હાર્દ પામવાની કોશિશ કરવા વિનંતી છે. અમે કોઈ મત-પંથ માં નથી, અમે આત્મામાં છીએ, એટલે કોઈપણ મત-પંથનું ખંડન અથવા મંડન એ અમારો ધ્યેય નથી. પરંતુ સર્વે મુમુક્ષુજનો આત્મભાવ ને પામે – સમયસાર રૂપ આત્માને પામે એજ અભ્યર્થના સહ. 'સમયસાર' ગાથા ૧૪૩:- (ગાથાર્થ) માં જણાવ્યા અનુસાર, "નયપક્ષથી રહિત જીવ, સમયથી પ્રતિબધ્ધ થયો થકો (અર્થાત ચિત્સ્વરુપ આત્માને અનુભવતો થકો) બંન્ને નયોના કથનને કેવળ જાણે જ છે પરંતુ નયપક્ષને જરા પણ ગ્રહણ કરતો નથી."

પ.પૂજ્ય શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યે 'સમયસાર'ની રચના જ આ ઉદ્દેશ્યથી કરેલ છે; જેના ઉપર પૂજ્ય અમૃતચંદ્રાચાર્યે 'કળશ' ચઢાવેલ છે અને પૂ.શ્રીમદજી અને પૂ.ગુરુદેવે તે શાસ્ત્રને લોકભોગ્ય બનાવીને ઘણોજ ઉપકાર કરેલ છે. 'સમયસાર' એ આધ્યાત્મિક શાસ્ત્ર છે તેથી કરીને તેમાં જે જીવનું વર્ણન છે તે દૃષ્ટિના વિષય રૂપ = સમયસારરૂપ = કારણશુદ્ધપર્યાયરૂપ = પરમપારિણામિકભાવરૂપ = ભગવાન આત્મારૂપ = જ્ઞાયકભાવરૂપ = જ્ઞાનમાત્રરૂપ= સહજજ્ઞાનરૂપ= જ્ઞાનઘનરૂપ = પરમભાવરૂપ = પરમાર્થરૂપ = શુદ્ધોપયોગનાવિષયરૂપ = પરમજ્યોતિરૂપ = ચૈતન્યચમત્કારમાત્રરૂપ = ભૂતાર્થનય થી જાણેલ જીવ રૂપ = શુધ્ધ વસ્તુમાત્ર જીવરૂપ = સમ્યગ્દર્શન નાવિષયરૂપ = ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવરૂપ = સમ્યક નિશ્ચયરૂપ = નિત્ય જ્ઞાન ચેતના માત્ર વસ્તુ = પરમ અકર્તાભાવરૂપ = ભાવશ્રુતજ્ઞાનરૂપ = ઉપાય–ઉપેયભાવરૂપ એકજ્ઞાનરૂપ = અમેચકરૂપ = દ્રવ્યક્ષેત્રકાળભાવ થી અખંડ એક જ્ઞાયકરૂપ આત્માનું નિરૂપણ છે. આત્માના પાંચ ભાવો નું વર્ણન આગમોમાં છે અને આગમોમાં જે જીવનું વર્ણન છે તે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને પારિણામિક એવા પાંચ ભાવ યુકત જીવનું વર્ણન છે, આ પાંચ ભાવરૂપ જીવનો નિર્ણય થયા બાદ દૃષ્ટિના વિષય રૂપ = પરમ પારિણામિક ભાવરૂપ જીવરાજાનું વર્ણન 'સમયસાર' જેવા આધ્યાત્મ ગ્રંથમાં જ મળે છે. જેથી કરીને સર્વ પ્રથમ એ સમજવું બહુજ જરૂરી છે કે આગમ અને અધ્યાત્મ ને કોઈ વિરોધ નથી. આગમો માં પાંચ ભાવરૂપ જીવોનું વર્ણન છે, જ્યારે 'સમયસાર'માં 'સ્વ'પ્રયોજન અર્થે જે પંચમભાવરૂપ = પરમ પારીણામિક ભાવરૂપ જે જીવરાજા છે, કે જે દૃષ્ટિનો વિષય છે તેનું જ વર્ણન છે. અને તે જ જીવ અભિપ્રેત છે. માટે સર્વ પ્રથમ તો આગમ અને અધ્યાત્મને અવિરોધ જાણી જીવનું સ્વરૂપ જેમ છે તેમ અનેકાંતવાદ થી અને સ્યાદવાદ શૈલી થી જાણીને તત્વનો નિર્ણય કરવો આવશ્યક છે.

તત્વના નિર્ણય માટે અને 'દૃષ્ટિનો વિષય' સમજવા માટે સર્વ પ્રથમ વસ્તુ નું "દ્રવ્ય–ગુણ-પર્યાય" રૂપ સ્વરૂપ નો નિર્ણય આવશ્યક છે. જેથી કરીને અત્રે સર્વ પ્રથમ "દ્રવ્ય-ગુણ-પર્યાય" નું સ્વરૂપ જણાવું છું....

દ્રવ્ય એ ગુણો નો સમૂહ છે એટલે કે કોઈ પણ દ્રવ્ય એ અનંત ગુણાત્મક છે. દરેક દ્રવ્ય સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ થી અભેદ છે. તેના દરેક પ્રદેશે અનંતગુણો છે. અને દરેક દ્રવ્ય (અને ગુણો) દ્રવે છે એટલે કે પરિણમે છે તેને તે દ્રવ્યની (અને ગુણોની) પર્યાય કહેવાય છે. એટલે કે દરેક દ્રવ્યની

વર્તમાન હાલત - અવસ્થા=પરિણમન તે-તે દ્રવ્યની વર્તમાન પર્યાય છે.(દ્રવ્યની વર્તમાન હાલત સામાન્ય-વિશેષરૂપ હોય છે. તેનો સામાન્ય અંશ તે કારણશુદ્ધપર્યાયરૂપ = પરમપારિણામિકભાવરૂપ છે અને વિશેષ અંશ તે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવ રૂપ છે.) તેના ઉપરથી સમજવાનું એ છે કે કોઈ પણ દ્રવ્યની વર્તમાન અવસ્થા તે તેની વર્તમાન પર્યાય છે. એટલે કે આપણે જેને વર્તમાન પર્યાય કહીએ છીએ તે ખરેખર વર્તમાન દ્રવ્ય (આખું અખંડ દ્રવ્ય) છે. તે દ્રવ્ય અખંડ અને અભેદ છે. તે અખંડ અને અભેદ દ્રવ્ય નો વર્તમાન- તેને જ તેની વર્તમાન પર્યાય એવું નામ આપવામાં આવ્યું છે. એટલે કે વર્તમાન પર્યાયમાં આખું (અભેદ અને અખંડ એવું) વર્તમાન દ્રવ્ય છે તે સમાય જાય છે. એ સમજવું અત્યંત જરૂરી છે.

પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાં - પ્રવચન સુધા ભાગ ૫- પાનું ૧૧૬/૧૨૪ ઉપર જણાવેલ છે કે.... "તેથી પર્યાયોની વિવક્ષા વખતે પણ, અસત્ – ઉત્પાદમાં, જે પર્યાયો છે તે દ્રવ્યજ છે.... જે પર્યાયો છે તે દ્રવ્યજ છે(દ્રવ્યદૃષ્ટિ). આ... હા... હા...! બીજું દ્રવ્ય નથી એમ કહેવું છે. એ પર્યાયો છે તે દ્રવ્ય જ છે. પર્યાય બદલીને બીજી (પર્યાય ) થઈ માટે બીજું દ્રવ્ય છે એમ નથી. અને દ્રવ્યની વિવક્ષા વખતે પણ, સત્-ઉત્પાદ માં, જે દ્રવ્ય છે તે પર્યાયો જ છે(પર્યાયદૃષ્ટિ). જે દ્રવ્ય છે તે પર્યાયો જ છે. જે પર્યાયો છે તે દ્રવ્ય છે અને જે દ્રવ્ય છે તે પર્યાયો જ છે. આહા.... હા... ! અસત્ ઉત્પાદમાં પણ અન્વયને ગૌણ રાખીને પર્યાયની મુખ્યતાથી કથન કર્યું અને સત્-ઉત્પાદમાં અન્વયને મુખ્ય કરીને સત્ ઉત્પન્ન થયું એમ કહેવામાં આવ્યું છે પણ અસત્ ઉત્પન્ન થયું (એમ કહયું) એટલે બિલકુલ અન્વયનો સંબંધ જ નહોતો એમ નહીં પર્યાય પોતે દ્રવ્ય છે.... આ... હા.... હા....! અને દ્રવ્ય પોતે પર્યાય છે..... વિશેષ કહેશે...."

કુંદકુંદશતકમાં પણ આજ ભાવને કહેવાવાળી ગાથાઓ આ પ્રમાણે છે "ઉત્પાદ-વ્યય – ધ્રુવયુક્તં સત્ દ્રવ્ય કા લક્ષણ કહા ! પર્યાય ગુણમય દ્રવ્ય હૈ યહ વચન જિનવરને કહા ।।૫૫।। પર્યાય બિના ના દ્રવ્ય હો ના દ્રવ્ય બિન પર્યાય હી। દોનોં અનન્ય રહેં સદા-યહ બાત શ્રમણોં ને કહી ।।૫૬।।"

અત્રે કોઈને પ્રશ્ન થાય કે તો પછી પર્યાયથી રહિત એવો દૃષ્ટિ નો વિષય કઈ રીતે સિધ્ધ થશે? તો તેમને અમે જણાવીએ છીએ કે તે પણ સિધ્ધ થશે. તે કઈ રીતે તે અમે દૃષ્ટિનાં વિષય માં જણાવીશું. એટલે અહીં તો માત્ર વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજી લેવું અત્યંત આવશ્યક છે....

"સમયસાર" માં દર્શાવેલ વસ્તુનું સ્વરૂપ અત્રે જણાવીએ છીએ ...

ગાથા ૩:- ટીકા- ... "એકીભાવે (એકત્વપૂર્વક=અખંડ અને અભેદ) પોતાના ગુણપર્યાયો ને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે સમય છે...બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વ-નિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે...."

ગાથા ૭:- ટીકા- .... "જોકે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે તો પણ નામથી ભેદ ઉપજાવી-વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે,ચારિત્ર છે, પરંતુ પરમાર્થથી જોવામાં આવે તો (અત્રે સમજવું જરૂરી છે કે આચાર્ય ભગવંત પરમાર્થથી કહે છે) અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું હોવાથી (એટલે કે જે અનંત ત્રિકાળવર્તી પર્યાયો છે તે દ્રવ્ય જ છે) જે એક છે એવું કાંઈક-મળી ગયેલા આસ્વાદવાળું, અભેદ, એકસ્વભાવી તત્વ-અનુભવનારને દર્શન પણ નથી, જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી, એક શુદ્ધ જ્ઞાયક જ છે.(ભેદ નથી)."

કળશ ૬ :- (શ્લોકાર્થ)- "....કેવો છે આત્મા? પોતાના ગુણપર્યાયોમાં વ્યાપનારો છે. ...."

કળશ ૪૯ :- ભાવાર્થ- "....આમ હોવાથી દ્રવ્યતો વ્યાપક છે અને પર્યાય વ્યાપ્ય છે.દ્રવ્ય પર્યાય અભેદરૂપ જ છે. જે દ્રવ્યનો આત્મા, સ્વરૂપ અથવા સત્વ તેજ પર્યાયનો આત્મા, સ્વરૂપ અથવા સત્વ. ...." (વ્યાપ્ય-વ્યાપક સંબંધ સાર્વકાલિક, સાર્વદૈશિક, સાર્વવ્યકિતક, અવિનાભાવ સંબંધ હોય છે.)

ગાથા ૭૭:-ટીકાઃ- પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય-એટલે કે પર્યાય) તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને (એટલે કે તે રૂપેજ પરિણામીને) તેને ગ્રહતો, તે-રૂપે પરિણમતો અને તે-રૂપે ઉપજતો થકો (એટલે કે સંપૂર્ણ અભેદ અખંડ આત્માજ તે પર્યાય રૂપે ઉપજેલ છે), તે આત્મપરિણામને કરે છે. ....

ગાથા ૮૩ :- ટીકા- જેમ ઉત્તરંગ (એટલે કે ઉત્પાદ) અને નિસ્તરંગ (એટલે કે વ્યય) અવસ્થાઓને પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિધ્ધિ હોવાથી, સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને (એટલે કે દ્રવ્ય જ પોતે) ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો (એટલે કે દ્રવ્યજ પોતે નવીન પર્યાય રૂપ ઉત્પન્ન થાય છે=પરિણમે છે અને જે રૂપે આગળની પર્યાયમાં હતું તે રૂપે વિનાશ થાય છે), પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી;.....

ગાથા ૮૫:- ટીકા- ...પરિણામ (પર્યાય) પણ પરિણામીથી (દ્રવ્યથી) ભિન્ન નથી કારણ કે પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે. ...

કળશ ૫૧:- શ્લોકાર્થ : જે પરિણમે છે તે કર્તા છે, જે પરિણામ છે તે કર્મ છે અને જે પરિણતિ છે તે ક્રિયા છે, એમ ત્રણેય વસ્તુપણે ભિન્ન નથી. (ભાવાર્થ-...પ્રદેશ ભેદરૂપ જુદી વસ્તુઓ નથી.)

કળશ ૫૬:- (શ્લોકાર્થ)- ...પોતાના ભાવો(પર્યાયો) છે, તે તો પોતેજ (દ્રવ્યજ) છે. ...

ગાથા ૧૫૧:- ટીકા- ..... 'સ્વ' ના ભવનમાત્ર સ્વરૂપ હોવાથી સ્વભાવ છે (એટલે કે દ્રવ્ય પોતેજ પરિણમે છે કે જે તેનો 'સ્વ'નો ભાવ છે તે 'સ્વ'ભાવ છે.) ...

ગાથા ૩૦૯:-(ગાથાર્થે)- જીવ અને અજીવના જે પરિણામો સૂત્રમાં દર્શાવ્યા છે, તે પરિણામોથી તે જીવ અથવા અજીવને અનન્ય જાણ (એટલે કે તે રૂપ જ જાણ.)

દ્દષ્ટાંત : માટી નો પિંડ - માટી એ દ્રવ્ય, પિંડ તે પર્યાય એટલે કે પિંડ રૂપ પર્યાય માં માટી સમાયેલ છે. એટલે કે માટીનો પિંડ કહેતા માટી અને પિંડ એ કોઈ બે વસ્તુ નથી, પરંતુ માટી કે જે વસ્તુ છે તેનો જ વર્તમાન, એટલે કે માટીનો પિંડ તે એક જ અભેદ-અખંડ વસ્તુ છે. તેમાં માટી તે દ્રવ્ય અને તે માટી રૂપ દ્રવ્ય નું વર્તમાન=માટી નું બદલાતું સ્વરૂપ-એટલે કે પરિણમનથી જોતાં તેને પર્યાય કહેવાય છે=માટી નો પિંડ. એટલે કે માટીરૂપ દ્રવ્યનો વર્તમાન-કે જે પિંડ રૂપ છે તેને પર્યાય કહેવાય છે. આ રીતે સોનું અને સોનાનો મુગટ, હાર, વગેરે પણ ઘટાવી શકાય છે.

આ દ્દષ્ટાંતને આત્મા ઉપર ઘટાવીએ, આત્મા તે દ્રવ્ય અને તેનો વર્તમાન કે જે મનુષ્ય, નારક, દેવ, તિર્યંચ અથવા સિધ્ધ રૂપ હોઈ શકે છે તે પર્યાય છે. તેથી કરીને મનુષ્ય પર્યાય(પુદગલરૂપ નહી)

કહેતાં તે પર્યાયરૂપ=મુનુષ્ય અવસ્થારૂપ આત્મદ્રવ્ય ની વર્તમાન અવસ્થા=હાલત=સ્થિતિ જ્ઞાત થાય છે.

સિધ્ધાંત એ છે કે કોઈ પણ દ્રવ્ય પર્યાય વગર ન જ હોય. મતલબ (એટલે કે) દરેક દ્રવ્ય તેના વર્તમાન સહિત જ હોય અન્યથા (નહિંતર) તે દ્રવ્યનો જ લોપ થઈ જાશે; નાશ થઈ જાશે અને દરેક પર્યાય દ્રવ્ય વગર ન જ હોય. એટલે કે કોઇ પણ દ્રવ્યનું વર્તમાન તે દ્રવ્ય વગર ન જ હોય. આના ઉપરથી સમજવાનું એ છે કે દ્રવ્ય અને પર્યાય તે એકજ દ્રવ્યનું અનુક્રમે ત્રિકાળીરૂપ (દ્રવ્ય) અને વર્તમાન રૂપ (પર્યાય) અવસ્થા છે. અને તે દ્રવ્યની જે વિશિષ્ટતાઓ છે (ગુણ ધર્મો છે) તેને જ ગુણ કહેવામાં આવે છે. આવી દ્રવ્ય-ગુણ-પર્યાયની અખંડ-અભેદ વ્યવસ્થા છે.

આ રીતે આચાર્ય ભગવંતોએ દ્રવ્ય-ગુણ-પર્યાય નું સ્વરૂપ સર્વે એકાંત મતોનું નિરાકરણ કરવા માટે જણાવેલ છે. જેમકે કોઈ મત દ્રવ્યને એકાંત અપરિણામી એવો – "કૂટસ્થ નિત્ય" માને છે અથવા કોઈ મત દ્રવ્યને એકાંત "ક્ષણીક" માને છે. આ બંન્ને એકાંત મતનું નિરાકરણ આચાર્ય ભગવંત દ્રવ્યને "પરિણામી-નિત્ય" કહીને કરે છે. કે જે વ્યવસ્થા છે – જે જિનમત છે, અન્યથા જિનમત બાહ્ય છે. દરેક દ્રવ્ય ત્રિકાળી છે. (હતા-છે-હશે) અને દરેક દ્રવ્ય પરિણામી છે એટલેકે તેની અવસ્થા=દશા સદા બદલાયા કરે છે કે જેને પર્યાય કહેવાય છે. દ્રવ્ય દ્રવ્ય રૂપે ટકીને પરિણમે છે તે ટકતો ભાવ તેને દ્રવ્ય કહેવાય છે અને પરિણામને પર્યાય કહેવાય છે. પરિણમન ને કાળ ના સૌથી સૂક્ષ્મ અંશ=સમય થી મપાય છે કે જે કાળ નો અવિભાજ્ય અંશ છે તેથી પર્યાયને એક સમયની કહેવાય છે. આ રીતે આચાર્ય ભગવંતોએ દ્રવ્યને ટકતું અને પરિણમતું જણાવીને સર્વે એકાંત દર્શનોનું નિરાકરણ કરેલ છે.

દ્રવ્યમાં ટકતું અને પરિણમતું એવા બે વિભાગ નથી પણ એકજ અભેદ દ્રવ્ય ટકીને પરિણમે છે. જેમકે આત્મા આત્મસ્વરૂપે ટકીને મનુષ્ય, તિર્યંચ, નારકી, દેવ અને સિધ્ધ રૂપે પરિણમે છે. તે આત્મ દ્રવ્ય અને મનુષ્ય પર્યાય(પુદ્ગલરૂપ નહી) તે બે નથી પણ એક-અભેદ-અખંડ એવું આત્મદ્રવ્ય જ મનુષ્ય પર્યાય રૂપે વર્તમાનમાં પરિણમેલ છે. તેથી કરીને મનુષ્ય પર્યાય ને આત્મ દ્રવ્યનો વર્તમાન એટલે કે આત્મ દ્રવ્યની પર્યાય કહેવાય છે એટલે કે તે આત્માજ છે કે જેનો વર્તમાન મનુષ્યપણું છે.

આ રીતથી દ્રવ્ય-ગુણ-પર્યાયનું અભેદ-અખંડ એકરૂપ એવું સ્વરૂપ સમજવું અત્યંત આવશ્યક છે કે જે છ એ દ્રવ્યોની વ્યવસ્થા છે. આવું દ્રવ્ય-ગુણ-પર્યાય નું અભેદરૂપ સ્વરૂપ સમજ્યા વગર "દૃષ્ટિના વિષય" રૂપ અભેદ આત્મતત્વની અનુભૂતિ અશકય છે કારણ કે-પર્યાય રહિત નું દ્રવ્ય મેળવવા જતાં દ્રવ્યનો જ લોપ થઈ જાય છે અને માત્ર ભ્રમજ હાથમાં આવે છે. તો હવે પ્રશ્ન થાય છે કે જે "પર્યાય રહિતનું દ્રવ્ય" કે જે "દૃષ્ટિ નો વિષય" છે તેને કઈ રીતે પામવું ? તેની રીત અત્રે મારી અલ્પ બુધ્ધિ વડે અને "સમયસાર" ના આધાર સહિત જણાવવાની કોશિષ કરીશ, તે આપ સૌ સ્વાનુભવે કરી પ્રમાણ કરશો એવી ભાવના. જો કોઈને આ વાત અન્યથા લાગે તો તે અમોને માફ કરે. પરંતુ આચાર્ય-ભગવંતોની જે વાત અત્રે જણાવવામાં આવશે તેના ઉપર જરૂર વિચાર કરે એવી વિનંતી સહ "દૃષ્ટિ નો વિષય" જણાવું છું.

ગાથા ૨ :– (ગાથાર્થે)- ......જે જીવ જ્ઞાન-દર્શન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે તેને જ "સ્વસમય" જાણ અને જે જીવ પુદ્ગલ કર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે તેને "પરસમય" જાણ. ... એટલે કે જે જીવ – જીવના સહજ પરિણમન રૂપ(જ્ઞાન નું જ્ઞાનરૂપ પરિણમન, દર્શન નું દર્શનરૂપ પરિણમન, વગેરે.....જેમ કે જ્ઞાન નું જ્ઞાનરૂપ સહજ પરિણમન તે જ્ઞાનસામાન્ય = પરમપારિણામિકભાવ =

નિષ્ક્રિયભાવ અને જ્ઞાન નું જાણવું તે જ્ઞાનવિશેષભાવ = ક્ષયોપશમભાવ અથવા ક્ષાયિકભાવ ) જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ ભાવોમાં (આત્માના ગુણો અનંતા છે પણ અત્રે મુખ્ય ત્રણ નો ઉલ્લેખ છે. તેથી કરી સર્વે ગુણો સમજવા) એટલે કે આત્મા ના સહજ પરિણમન માં હું પણુ કરે છે તે 'સ્વસમય'= સમ્યગ્દર્શની છે. અને જે જીવ પુદ્ગલ કર્મોના વિપાકથી આત્મામાં થયેલ વિકારરૂપ ભાવ= વિભાવભાવમાં હું પણું કરે છે તે 'પરસમય'= મિથ્યાત્વી છે. અત્રે સમજવાનું એ છે કે-અરીસા ના દૃષ્ટાંતથી- જેમ અરિસાના સ્વચ્છત્વરૂપ પરિણમનમાં જે હું પણું કરે છે તે 'સ્વસમય' અને જે પ્રતિબિંબ સહિતના અરિસામાં હું પણુ કરે છે તે 'પરસમય'- એટલે કરવાનું શું ? તો કહે છે કે પ્રતિબિંબ ને ગૌણ કરીને માત્ર અરીસા ને જાણવો-જેમ કે આત્માના સહજ પરિણમન રૂપ પરમપારિણામિકભાવ = જ્ઞાનસામાન્યભાવ = નિષ્ક્રિયભાવ માં પ્રતિબિંબરૂપે બાકીના ચાર ભાવો રહેલ છે તો તે ચાર ભાવો ને ગૌણ કરીને માત્ર સ્વચ્છત્વરૂપ પરમપારિણામિક ભાવ= "સ્વસમય" માં જ હું પણું કરવું. આમ કઈ રીતે થઈ શકે ? તો તેની રીત આચાર્ય ભગવંતે. ગાથા – ૧૧ માં કતકફળરૂપ બુધ્ધિ થી આમ થઈ શકે એમ જણાવેલ છે. અને ગાથા ૨૯૪ માં પ્રજ્ઞાછીણી વડે આજ પ્રક્રિયા કરવાનું જણાવેલ છે. અત્રે સમજવાનું એ છે કે પર્યાય રહિત નું દ્રવ્ય એટલે કે આત્માના ચાર ભાવો ને ગૌણ કરીને=રહિત કરીને પંચમ ભાવરૂપ દ્રવ્યની પ્રાપ્તિ કે જે કતકફળ રૂપ બુધ્ધિથી અથવા પ્રજ્ઞારૂપી છીણીથી જ થઈ શકે તેમ છે અન્યથા નહીં. આચાર્ય ભગવંતે કોઈ ભૌતિક છિણીથી જીવમાં ભેદજ્ઞાન કરવાનું નથી કહયું કારણ કે જીવ એક-અભેદ-અખંડ-જ્ઞાન ઘનરૂપ દ્રવ્ય છે. માટે તે પર્યાય રહિત નું દ્રવ્ય પ્રાપ્ત કરવા માટે પ્રજ્ઞાછીણીરૂપ બુધ્ધિથી ચાર ભાવ ને ગૌણ કરી બાકી બચેલ એક માત્ર ભાવ કે જે પરમ પારિણામિક ભાવ રૂપ કે જે સદા એવોને એવોજ ઉપજે છે તેમાં હું પણું કરવાનું કહ્યું છે તેને 'સ્વસમય' જાણતાં સમ્યગ્દર્શન પ્રગટે છે. મુખ્ય-ગૌણ ની વ્યવસ્થા જ્ઞાન માં જ હોય છે, દર્શન માં નહીં. દર્શન=શ્રધ્ધા તો માત્ર પરમપારિણામિકભાવ માં જ હું પણું કરે છે માટે જ "દૃષ્ટિનો વિષય તે પર્યાય રહિતનું દ્રવ્ય" કહયો છે અન્યથા નહીં અને તેને પામવાની વિધિ ઉપર જણાવ્યા અનુસાર જ છે અન્યથા નહીં.

ગાથા ૨ઃ- ટીકા - આચાર્ય ભગવંત ટીકા માં જણાવે છે કે.... આ જીવ પદાર્થ કેવો છે ? સદાય પરિણામ સ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી (પરમપારિણામિકભાવરૂપ હોવાથી) ઉત્પાદ-વ્યય–ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ (અનુભૂતિ રૂપ ભગવાન આત્મા = જીવરાજા = દ્રવ્ય-પર્યાય ની એકતારૂપ હોય છે. કારણ પર્યાય ન હોય તો દ્રવ્યજ ન હોય એટલે કે ભૌતિક છીણીથી પર્યાયને ન કાઢતાં, પ્રજ્ઞાછીણીથી પરભાવરૂપ ચાર ભાવોને કાઢીને એટલે કે ગૌણ કરીને જે પરમપારિણામિક ભાવરૂપ = સહજભવનરૂપ આત્મા શેષ રહે તેમાં હું પણું કરતાં ) જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે... વળી કેવો છે ? પોતાના અને પરદ્રવ્યોનાં આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી (એટલે કે સ્વ-પર પ્રકાશકપણું સ્વાભાવિક છે તેમાં પણ જો પરને કાઢી નાંખશો તો સ્વ જ નહીં રહે. કારણકે જ્યાં પરનું પ્રકાશન થાય છે તે સ્વ તો જ્ઞાન છે = આત્મા છે. ત્યાં પણ પર પ્રકાશન ગૌણ કરવાનું છે, નિષેધ નહીંઃ પર પ્રકાશન ગૌણ કરતાં જ જ્ઞાન = આત્મભાવ પ્રાપ્ત થાય છે) જેણે સમસ્ત રૂપને પ્રકાશનારૂં એકરૂપ પણું પ્રાપ્ત કર્યું છે. (જે સમસ્ત રૂપને પ્રકાશે છે તે ગૌણ કરતાંજ – જે ભાવ = જ્ઞાન બચે છે તેજ જ્ઞાનરૂપ એકપણું પ્રાપ્ત કર્યું છે. એટલે કે જ્ઞાનઘન પણું પ્રાપ્ત કર્યું છે.)આ વિશેષણથી, જ્ઞાન પોતાને જ જાણેછે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો, તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો, વ્યવચ્છેદ થયો. (અત્રે સમજવાનું એ છે કે કોઈપણ એકાંત માન્યતા જિનમત બાહ્ય છે. એવુ જે કથન છે કે - અંતે તો અનેકાંત પણ સમ્યક્ એકાંત પામવા માટે છે – તેનો હાર્દ એવો છે કે જે પાંચ ભાવરૂપ જીવનું વર્ણન છે કે જે અનેકાંતરૂપ છે તે પરમપારિણામિક

ભાવરૂપ સમ્યક્ એકાંત પામવા માટે છે. નહિ કે 'આત્મા ખરેખર પરને જાણતો જ નથી' અથવા 'કોઈ પણ અપેક્ષા એ આત્મા માં રાગ દ્વેષ છે જ નહીં ' વગેરે રૂપ એકાંત પ્રરૂપણાઓ કે જે જિનમત બાહ્ય ગણાય છે)..... જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોનાં સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી, સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શનજ્ઞાનસ્વભાવમાં (અત્રે સર્વ ગુણ સમજવા) નિયત વૃત્તિરૂપ(અસ્તિત્વરૂપ) (પર્યાયરૂપ = પરમપારિણામિકભાવરૂપ = કારણશુદ્ધપર્યાયરૂપ) આત્મતત્વ સાથે એકત્વગતપણે વર્તે છે(માત્ર તેમાં જ હું પણું કરે છે) ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં(અત્રે સર્વ ગુણ સમજવા) સ્થિત હોવાથી યુગપદ સ્વને એકત્વપુર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્વપુર્વક પરિણમતો (એટલે કે માત્ર સહજ આત્મ પરિણતિરૂપ = પરમપારિણામિક ભાવરૂપ = કારણશુદ્ધપર્યાયરૂપ આત્મામાં જ હું પણું કરતાં) એવો તે 'સ્વસમય' (સમ્યગ્દર્શની છે) એમ પ્રતીત કરવામાં આવે છે, ... મોહ તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી, દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્વ (દૃષ્ટિનો વિષય = કારણશુધ્ધપર્યાય = પરમ પારિણામિકભાવ) થી છૂટી પર દ્રવ્યના નિમિતથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગત પણે (એકપણુ માનીને) (પાંચ ભાવરૂપ જીવ માં હું પણું કરીને)વર્તે છે ત્યારે .... તે 'પરસમય' છે (એટલે કે મીથ્યાત્વી છે.)

ગાથા ૩:-(ગાથાર્થ)-એકત્વનિશ્ચયને પ્રાપ્ત(જેણે માત્ર પરમપારિણામિકભાવમાંજ હું પણું કરેલ છે તેવો) જે સમય છે તે લોકમાં સર્વત્ર સુંદર છે..... (જે આત્મા 'સ્વસમય' માં સ્થિત છે તે (સમ્યકદૃષ્ટી) સર્વત્ર સુંદર છે (સુખી છે) પરંતુ જે 'પરસમય'માં સ્થિત છે તે (મિથ્યાત્વી) દુઃખી છે. (ઉપર ગાથા ર માં જણાવ્યા અનુસાર સમજવું)

ગાથા ૬:- ટીકા- જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી (કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી) અનાદિ સત્તારૂપ છે, કદિ વિનાશ પામતો નહિં હોવાથી અનંત છે, નિત્યઉધોતરૂપ હોવાથી (સહજ આત્મ પરિણમનરૂપ=પરમપારિણામિકભાવરૂપ=કારણશુધ્ધપર્યાયરૂપ) ક્ષણિક નથી અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે (પરમપારિણામિકભાવ), તે સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી (અપેક્ષાથી) ક્ષીરનીરની જેમ કર્મપુદ્ગલો સાથે એકરૂપ હોવા છતાં, (એટલે કે પરમપારિણામિકભાવરૂપ જીવના સહજ પરિણમનમાં જ બાકીના ચાર ભાવ થાય કે જે ગાથા ૧૬૪-૧૬૫ માં જણાવેલ છે -"સંજ્ઞ આસ્ત્રવો કે જે જીવમાં જ થાય છે તેઓ જીવનાજ અનન્ય પરિણામ છે"= જીવ જ તે રૂપે પરિણમેલ છે એટલે કે જીવ માં એક શુધ્ધ ભાગ-અને બીજો અશુધ્ધ ભાગ એમ નહીં સમજતાં, સમજવાનું એમ છે કે જે જીવ ઉદય – ક્ષયોપશમ ભાવ રૂપ પરિણમેલ છે તેમાં છૂપાયેલ સ્વચ્છત્વરૂપ જે જીવનું પરિણમન છે કે જે પરમપારિણામિકભાવ કહેવાય છે તેમાં અન્ય ભાવોને ગૌણ કરીને હું પણું કરતાંજ એક જ્ઞાયક ભાવ અનુભવાય છે. આજ અનુભવની વિધિ છે. જેમકે, સ્ફટિકમાં કપડાંની ઝાંયથી સ્ફટિક રંગીન દેખાય છે પણ તે રંગીન નથી. તેવીજ રીતે રાગ-દ્વેષરૂપ પરિણમેલ જીવ રાગી-દ્વેષી જણાતો હોવા છતાં - વર્તમાનમાં તે રૂપ હોવા છતાં, તે તેનું ત્રિકાળ સ્વરૂપ નથી તે તેનો 'સ્વ'ભાવ નથીઃ તેનો 'સ્વ'ભાવ તો પરમપારિણામિકભાવરૂપ સહજ આત્મ પરિણમન છે કે જેમાં હું પણું કરતાં તે જીવ 'સ્વસમય' = સમ્યગ્દર્શની છે.) દ્રવ્યના સ્વભાવની અપેક્ષા (ઉપર જણાવેલ દ્રવ્યનો 'સ્વ'ભાવ= પરમપારિણામિકભાવ = કારણશુદ્ધપર્યાય) થી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની (કષાયના સમુહના અપાર ઉદયોની) વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી. (જ્ઞાયકભાવથી જડ ભાવરૂપ થતો નથી.) (દ્રવ્યનો 'સ્વ'ભાવ તે પરમપારિણામિકભાવરૂપ છે કે જે

પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી; તે માત્ર એક જ્ઞાયક ભાવરૂપ છે.) તેથી પ્રમત્ત પણ નથી. અને અપ્રમત્ત પણ નથી; તે જ સમસ્ત અન્યદ્રવ્યોનાં ભાવોથી (એટલે કે જીવના ચાર ભાવ કે જેમાં અન્ય દ્રવ્ય નું નૈમિત્તિકપણું છે) ભિન્નપણે (એટલે કે જીવના ચારભાવોને ગૌણ કરતાં પંચમ ભાવરૂપ=પરમપારિણામિકભાવરૂપ) ઉપાસવામાં આવતો 'શુધ્ધ' કહેવાય છે. (અત્રે એ સમજવું જરૂરી છે કે રાગ કોઈપણ અપેક્ષાએ જીવમાં નથી, વગેરેરૂપ એકાંત પ્રરૂપણા જિનમત બાહ્ય છે. તેથી તેવી પ્રરૂપણા કરવા વાળા અને તેમાં અટવાયેલ ભોળા જીવો=તેમ માનવાવાળા ભોળા જીવો ભ્રમમાં રહીને અતિ ઉત્તમ એવો માનવ જન્મ અને વીતરાગ ધર્મ એળે ગુમાવે છે અને તેથી કરીને કરૂણાથી પ્રેરાઈને જ આ સધળું જણાવેલ છે તેને કોઈ એ અન્યથા લઈને અમારાથી દ્વેષ ન કરવો એજ વિનંતી છે.)

વળી, દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે (જ્ઞાન ને જ્ઞેયાકારે પરિણમવાથી સ્વ-પરને જાણવાવાળું કહેવાય છે) તોપણ દાહ્યકૃત અશુધ્ધતા તેને નથી, તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'(જ્ઞાનાકાર) ને જ્ઞાયકપણું પ્રસિધ્ધ છે (જ્ઞાનનું સ્વપરને જાણવું પ્રસિધ્ધ છે) તોપણ જ્ઞેયકૃત અશુધ્ધતા તેને નથી.(કારણકે તે જ્ઞેયને જ્ઞેયરૂપે=તદ્‌રૂપે પરિણમીને જાણતું નથી=જ્ઞાન ને જ્ઞેય સાથે વ્યાપ્યવ્યાપક સંબંધ નથી; તેને પોતાના આકાર=જ્ઞાનાકાર સાથે વ્યાપ્યવ્યાપક સંબંધ છે કે જેનાથી અશુધ્ધતા તેનામાં પ્રવેશ પામતી નથી); કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં (એટલે કે સ્વ-પર ને જાણવાના કાળે) જે જ્ઞાયકપણે (જાણવાવાળા તરીકે) જે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનની (સ્વરૂપ જાણવાની=એટલેકે તે જ્ઞેયને જ્ઞાનાકાર તરીકે જોતાં અને તેનેજ જ્ઞાનરૂપે જોતાં=જ્ઞેયો ને ગૌણ કરતાં જ પરમપારિણામિકભાવરૂપે અનુભવાય છે. અરીસાના દાખલા પ્રમાણે પ્રતિબિંબને ગૌણ કરતાજ અરીસાનું સ્વચ્છત્વ જણાય છે) અવસ્થામાં પણ, દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી (એટલે કે જે સ્વચ્છત્વરૂપ પરિણમન = પરમપારિણામિકરૂપ = જ્ઞાનસામાન્ય = નિષ્ક્રિયભાવ છે, તેમાંજ સ્વપર નું જાણવું=વિશેષભાવ થાય છે માટે જો પરનાં જાણવાનો નિષેધ કરવામાં આવે તો તે સ્વચ્છત્વનો=ભગવાન આત્માના નિષેધરૂપ પરિણમશે અને સમજ્યા વગર નિષેધ કરવાવાળા ભ્રમને=ભ્રમિત દશાને પામશે અને આ અમૂલ્ય મનુષ્ય જન્મ અને વીતરાગનું શાસન મળ્યું તે વ્યર્થ ગુમાવશે. આ કારણે કરૂણાપૂર્વક આટલું લખવું પડયું છે તેને તેમજ સમજજો; અન્યથા લઈ ને અમારા ઉપર દ્વેષ ભાવ ન કરવા વિનંતી છે.) જ્ઞાયક જ છે - પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતેજ કર્મ... (અત્રે સ્વ-પર નું જાણવું એ ભગવાન આત્મા માં જવાની સીડી રૂપે દર્શાવેલ છે. કારણ કે જ્ઞાયક જ પોતે જાણનારો છે. જાણવું અને જ્ઞાયક (જાણનાર)ને અનન્યપણું બતાવીને જાણવું (પ્રતિબિંબ) ગૌણ કરતાંજ જ્ઞાયક (જાણનાર) જણાય છે માટે સીડી રૂપ છે.)

ભાવાર્થમાં પંડિત જયચંદજી જણાવે છે કે "...'જ્ઞાયક' એવું નામ પણ તેને (શુધ્ધાત્માને=દૃષ્ટિના વિષયને=પરમપારિણામિકભાવરૂપ આત્માને) જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. તોપણ જ્ઞેયકૃત અશુધ્ધતા તેને નથી કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં (જ્ઞેયને ગૌણ કરતાં ત્યાં જ્ઞાયક જ છે) જ્ઞાયક જ છે. 'આ હું જાણનારો છું તે હું જ છું, અન્ય કોઈ નથી'( આ જે પરને જાણાવાળો છે તે હું જ છું અન્ય કોઈ નહી) એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે અને જેણે જાણ્યું તે કર્મ પણ પોતેજ છે. (અત્રે સમજવાનું એ છે કે 'આત્મા ખરેખર પરને જાણતો નથી' એવી વાતો કરીને આત્મામાં જવાનો રસ્તો (સીડી) બંધ કરીને શું મળશે? માત્ર ભ્રમજ મળશે, કારણ પર ને જાણવાનો નિષેધ કરતાં જાણનારનો નિષેધ થાય છે.) આવો એક જ્ઞાયકપણામાત્ર (જાણવાવાળો માત્ર) પોતે શુધ્ધ છે - આ

શુધ્ધનયનો વિષય છે. (અત્રે સમજવાનું એ છે કે પહેલાં જે ‘દ્દષ્ટિના વિષય’ વિષે જણાવ્યું તેમ - પર્યાય થી રહિત દ્રવ્ય - એટલે કે પ્રતિબિંબથી રહિત એટલે કે પ્રતિબિંબને ગૌણ કરતાં ત્યાં જાણનાર રૂપે જ્ઞાયક જ હાજર છે તેજ દ્રષ્ટિનો વિષય છે. તેજ પરમપારિણામિકભાવ છે, તેજ કારણશુધ્ધપર્યાય છે. તેજ કારણશુધ્ધપરમાત્મા છે. તેજ સમયસારરૂપ જીવરાજા છે. એટલે અહીંયા કોઈજ ભોતિક છીણીની જરૂર નથી કારણ આત્મા અભેદ - અખંડ છે. એમાંથી કાંઈજ નીકળે તેમ નથી અને જો કાઢવાની કોશીષ થશે  તો આત્મા જ પોતે નીકળી જશે=લોપ  થશે. અને કાઢનાર પોતે આકાશના ફુલ ની માફક ભ્રમમાં જ રાચશે તેથી અહીંયા પ્રજ્ઞારૂપી છીણી નો ઉપયોગ કરીને=કતકફળ રૂપ બુધ્ધિપૂર્વક તે પ્રતિબિંબરૂપ ઉદય ક્ષયોપશમરૂપ ભાવોને ગૌણ કરતાંજ ત્યાં સાક્ષાત શુધ્ધાત્મારૂપ પરમ પારિણામિકભાવ હાજર જ છે. આજ સમ્યગ્દર્શન ની વિધિ છે, કે જે આચાર્ય ભગવંતે અને પંડિતજી એ ગાથા – ૬ માં જણાવેલ છે).”

પંડિતજી આગળ જણાવે છે કે ......અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે તેથી અશુધ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો; (અત્રે એ સમજવાનું છે કે આગળ જણાવ્યા પ્રમાણે ગાથાઃ- ૧૬૪-૧૬૫ માં ભાવાઆસ્ત્રવોને જીવથી અનન્ય કહ્યા છે અને તેથી કરીને ‘જીવમાં કોઈપણ અપેક્ષાએ રાગ થતો નથી’ જેવી પ્રરૂપણાઓ જિનમત બાહ્ય છે) કારણકે સ્યાદ્વાદ પ્રમાણે શુધ્ધતા અને અશુધ્ધતા - બંને વસ્તુના ધર્મ છે અને વસ્તુધર્મ છે. તે વસ્તુનું સત્વ છે, (એટલે કે તે વસ્તુ જ છે = આત્મા જ છે) (અત્રે સમજવાનું એ છે કે ગાથા – ૧૬૪-૧૬૫ માં જણાવ્યા અનુસાર રાગ –દ્વેષરૂપ પરિણામ થાય તો આત્મામાં જ છે-આત્મા જ એ રૂપે પરિણમે છે. અને એ પરિણમન ની હાજરીમાં પણ તેને ગૌણ કરતાંજ તેમાં છૂપાયેલ પરમપરિણામિકભાવરૂપ=સમયસારરૂપ=કારાણશુધ્ધપર્યાયરૂપ આત્મા હાજર જ છે.) અશુધ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે.... અશુધ્ધનય ને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી. (જેમ છે તેમ સમજવું-એટલે કે તે છે, પણ તેને ગૌણ કરતા જ જ્ઞાયક હાજર છે.) એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ થાય છે (અત્રે પંડિતજીએ એકાંત સમજીને - એકાંત પ્રરૂપણા કરતાં લોકોને સાવધાન કર્યા છે) માટે સ્યાદ્વાદનું શરણ લઈ શુધ્ધનયનું આલંબન કરવું (એટલે કે જીવને પાંચ ભાવરૂપ જાણી ચાર ભાવ ગૌણ કરતાંજ સમ્યક્ એકાંતરૂપ શુધ્ધાત્મા - પરમપારિણામિકભાવ પ્રગટ થાય છે.) જોઈએ.

ગાથા ૭ઃ-ટીકા- .... કારણ કે અનંત ધર્મોવાળા એક ધર્મીમાં (ભેદથી સમજીને અભેદરૂપ અનુભૂતિ) ઉપદેશ કરતા આથાર્યોનો -જોકે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે તો પણ નામથી ભેદ ઉપજાવી (અભેદ દ્રવ્ય માં દ્રવ્ય-ગુણ-પર્યાય એમ ભેદ રૂપ ઉપજાવી) ...વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. પરંતુ પરમાર્થથી (દૃષ્ટિના વિષયથી- અભેદનય થી) જોવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું હોવાથી જે એક છે...(એટલે કે જે દ્રવ્ય ત્રણે કાળે તે તે પર્યાયરૂપ પરિણમતું હોવા છતાં પોતાનું દ્રવ્ય પણું છોડયું નથી – જેમકે માટી ઘટ, પિંડ આદિ રૂપે પરિણમવા છતાં માટી પણું છોડતી નથી અને દરેક પર્યાયમાં તે માટી પણું વ્યાપ્ય -વ્યાપક સંબંધથી છે માટે પર્યાય અનંતી હોવા છતાં તે દ્રવ્ય તો  એક જ છે.)

ગાથા૮ઃ- (ગાથાર્થે)- જેમ અનાર્ય જનને અનાર્યભાષા વિના કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ કરવા કોઈ સમર્થ નથી. ( અહીં આચાર્ય ભગવંત જણાવે છે કે અનાર્યભાષા વિના એટલે કે અભેદ એવા આત્મામાં ભેદ પાડીને – જેમકે – દ્રવ્ય –ગુણ -પર્યાય, જ્ઞાન -દર્શન–ચારિત્ર, ૪૭ શક્તિ વગેરે રૂપ ભેદ પાડયા વગર અજ્ઞાનીને

**આત્માનું સ્વરૂપ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી, છતાં તે ભેદો હેય છે કારણ કે ભેદ માત્ર સ્વરૂપ સમજવા છે, નહીં કે અનુભવવા. કારણ અનુભવ તો યથાર્થ એવા અભેદ આત્માનો જ હોય છે=થાય છે. એટલે કે પરમાર્થિક આત્મામાં કોઈજ ભેદ ન સમજવા અને જ્યાં સુધી ભેદમાં હશો ત્યાં સુધી અભેદનો અનુભવ નહીં થાય, કારણ ભેદ તો, વ્યવહારરૂપ, માત્ર અજ્ઞાનીને સ્વરૂપ ગ્રહણ કરાવવા પાડેલ છે, ખરેખર છે નહીં.)**

**ગાથા ૧૧:- ટીકા- વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી (ભેદરૂપ વ્યવહાર કે જે માત્ર આત્માના સ્વરૂપનું ગ્રહણ કરાવવા હસ્તાવલંબનરૂપ જાણીને પ્રરૂપ્યો છે) અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે. (એટલે કે જેવો અભેદ આત્મા છે તેવો તેનાથી=વ્યવહાર રૂપ ભેદથી નથી વર્ણવાતો)....આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ:- (દૃષ્ટાંતમાં જીવને - આગમોમાં વર્ણવેલ જીવને ઉદય –ક્ષયોપશમ ભાવ સહિત બતાવી તેમાંથી ઉપાદેય એવો જીવ કે જે બંને ભાવોને ગૌણ કરતાં જ પરમપારિણામિકભાવરૂપ જીવ પ્રગટ થાય છે કે જે 'સમયસાર' જેવા આધ્યાત્મિક શાસ્ત્ર નો પ્રાણ છે તેને ગ્રહણ કરાવે છે.) જેમ પ્રબળ કાદવના મળવાથી (પ્રબળ ઉદય-ક્ષયોપશમ ભાવ સહિત) જેનો સહજ એક નિર્મળભાવ (પરમપારિણામિકભાવ) તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે એવા જળનો અનુભવ કરનાર પુરૂષો(અજ્ઞાની)- જળ અને કાદવનો વિવેક નહીં કરનાર ઘણા તો, તેને (જળને=જીવને) મલિન જ અનુભવે છે (ઉદય ક્ષયોપશમ રૂપ જ અનુભવે છે);પણ કેટલાંક (જ્ઞાની) પોતાના હાથથી નાખેલા કતકફળ(નીર્મળી ઔષધિ=બુધ્ધિરૂપી-પ્રજ્ઞાછીણી) ના પડવામાત્રથી ઉપજેલા જળ-કાદવના વિવેકપણાથી (એટલે કે કાદવ જળમાં હોવા છતાં જળને સ્વચ્છ અનુભવી શકનાર=આત્મા વર્તમાનમાં ઉદય/ક્ષયોપશમ રૂપે પરિણમેલ હોવા છતાં તેમાં છુપાએલ એટલે કે ઉદય ક્ષયોપશમ ભાવ ને ગૌણ કરતાં તે ભાવ જેમાં થાય છે તેવો એક સહજ આત્મ પારિણમનરૂપ- પરમ પરિણામિકભાવરૂપ આત્મા ને અનુભવતાં), પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને (પરમપારિણામિકભાવને) લીધે, તેને (જળને=આત્માને) નિર્મળ જ અનુભવે છે; એવી રીતે પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ (પરમપારિણામિકભાવ) તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર પુરૂષો (અજ્ઞાની)- આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે એવો અનુભવે છે; પણ ભૂતાર્થદર્શીઓ (શુધ્ધનયને દેખનારાઓ=જ્ઞાની) પોતાની બુધ્ધિથી નાંખેલા શુધ્ધનય (પ્રજ્ઞાછીણી) અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી(ભેદજ્ઞાનથી), પોતાના પુરૂષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને (પરમપારિણામિકભાવને) લીધે તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ (પરમ પારિણામિકભાવ) પ્રકાશમાન છે એવો અનુભવે છે....**

**ભાવાર્થ માં પંડિતજી એ સમજાવેલુ છે કે જીવને 'જેમ છે તેમ' સર્વનયથી નિર્ણય કરી સમ્યક્ એકાંતરૂપ શુદ્ધ જાણવો ('હું' પણું કરવું) નહીં કે એકાંતે અપરિણામી એવો શુધ્ધ જાણવો. તેથી તો મિથ્યાદૃષ્ટિનો જ પ્રસંગ આવે કારણકે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે. પ્રયોજનવશ નયને મુખ્ય -ગૌણ કરીને કહે છે જેમકે મલિન પર્યાયને ગૌણ કરતાં જ શુધ્ધભાવરૂપ પરમપારિણામિકભાવ હાજર જ છે, નહીં કે પર્યાયને ભૌતિક રીતે અલગ કરીને. કારણ અભેદ દ્રવ્યમાં ભૌતિક રીતે પર્યાયને અલગ કરવાની વ્યવસ્થા જ નથી તેથી વિભાવભાવને ગૌણ કરતાં જ (પર્યાય રહિતનું દ્રવ્ય) પરમ પારિણામિકભાવ રૂપ અભેદ-અખંડ આત્માનું ગ્રહણ થાય છે અને આ જ તેની વિધિ છે.**

ગાથા:- ૧૨(ગાથાર્થ)- પરમભાવના દેખનારાઓને (જ્ઞાનીને) તો શુધ્ધ (આત્મા) નો ઉપદેશ કરનાર શુધ્ધનય જાણવાયોગ્ય છે; (કે જેથી કરીને તે આત્મભાવમાં જ રહેવાનો ઉધ્યમ કરી શકે) વળી જે જીવો અપરમભાવે સ્થિત છે (અજ્ઞાની છે) તેઓ વ્યવહાર દ્વારા (અખંડ એવા આત્મામાં ભેદરૂપ વ્યવહાર ઉપજાવીને આત્માનું સ્વરૂપ ગ્રહણ કરાવવા માટે) ઉપદેશ કરવાયોગ્ય છે.

ભાવાર્થમાં પંડિત જયચંદજી જણાવે છે કે જે કોઈ જીવ કે જે અપરમભાવે સ્થિત છે (અજ્ઞાની છે) તે વ્યવહાર છોડે (ભેદરૂપ અને વ્યવહાર ધર્મરૂપ બંને) અને સાક્ષાત્ શુધ્ધોપયોગની પ્રાપ્તિ તો થઈ નથી (નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થયેલ નથી) તેથી ઉલટો અશુભ ઉપયોગમાં જ આવી, ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપે (સ્વચ્છંદે) પ્રવર્તે તો નરકાદિ ગતિ તથા પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાંજ ભ્રમણ કરે. અત્રે સમજવાનું એ છે કે આત્મા અજ્ઞાન અવસ્થામાં ૨૪ કલાક કર્મનો બંધ કરે છે જેથી કરીને કરૂણાવંત આચાર્ય ભગવંતોએ જણાવેલ છે કે જ્યાં સુધી તત્વનો નિર્ણય અને અનુભવન ન થાય ત્યાં સુધી તેનાં જ લક્ષે (શુદ્ધના જ એક માત્ર લક્ષે) નિયમથી શુભમાં જ રહેવા જેવું છે નહીં કે અશુભમાં. કારણ તેનાથી તો દેવ-શાસ્ત્ર –ગુરુ રૂપ સંયોગ મળવા પણ કઠીન થઈ જાય એમ છે. આ વાતમાં જેનો વિરોધ હોય તે અમને માફ કરે કારણ કે આ વાત અમે કોઈપણ પક્ષ રહિત- નિષ્પક્ષભાવે જણાવેલ છે કે જે સર્વે આચાર્ય ભગવંતોએ પણ જણાવેલ છે અને જ્યાં-જ્યાં (જે પણ ગાથાઓમાં) આ વાતનો સર્વથા નિષેધ કરવાનું જણાવેલ છે તે એક માત્ર શુધ્ધભાવ નો લક્ષ કરાવવા કહેલ છે નહીં કે અશુભ ભાવ માં રમવા માટે અને મુનિરાજ ને છઠ્ઠા ગુણસ્થાનકે આ વાતનો નિષેધ સાતમા ગુણસ્થાનરૂપ અભેદ આત્મ અનુભૂતિમાં સ્થિર થઈ આગળ વધીને કેવળજ્ઞાન અને મોક્ષ મેળવવા કહેલ છે; નહીં કે છઠ્ઠા ગુણસ્થાનકે સહજ હોતા શુભનો નિષેધ કરીને નીચે પાડવા-એટલે અવિરતિ અથવા અજ્ઞાની થવા. આથી સર્વે મુમુક્ષોજનો ને આ વાત યથાર્થ-'જેમ છે તેમ' સમજવી અત્યંત આવશ્યક છે. જેમકે -શ્રીમદ્ રાજચંદ્રજીએ 'આત્મસિધ્ધિ' માં કહેલ છેકે 'નિશ્ચયવાણી સાંભળી , સાધન તજવા નોંય, નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય.' (૧૩૧) એટલે સમજવાનું એ કે અહોભાવ માત્ર માત્ર માત્ર શુધ્ધનો જ હોવો જોઈએ શુભનો નહીં જ પણ જ્યાં સુધી શુધ્ધરૂપે નથી પરિણમતો ત્યાં સુધી રહેવાનું તો શુભમાં જ.

કળશ ૪:- (શ્લોકાર્થ)- નિશ્ચય અને વ્યવહાર - એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે; એ વિરોધને નાશ કરનારૂં 'સ્યાત્' પદથી ચિન્હિત જે જિન ભગવાનનું વચન(વાણી) તેમાં જે પુરુષો રમે છે (પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે) તે પુરૂષો પોતાની મેળે (અન્ય કારણ વિના) મિથ્યાત્વકર્મના ઉદય નું વમન કરીને આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુધ્ધ આત્માને તુરંત દેખે જ છે. (કોણે દેખે છે? તો કહે છે કે 'સ્યાત્' વચનોમાં રમતો પુરુષ નહીં કે એકાંત નો આગ્રહી પુરૂષ. એટલે કે સમ્યગ્દર્શન કે જે સમ્યક્ એકાંત રૂપ હોવા છતાં આગ્રહ એકાંતનો ન જ હોય, પ્રરૂપણા એકાંતની ન જ હોય. પ્રરૂપણા જેમ છે તેમ સ્યાત્ વચનો રૂપેજ હોય) કેવો છે સમયસારરૂપ શુધ્ધ આત્મા? નવીન ઉત્પન્ન થયો નથી, પહેલાં કર્મથી આચ્છાદિત હતો તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે. (જે અજ્ઞાની આત્માને પહેલાં ઉદય-ક્ષયોપશમ રૂપે દેખતો હતો તેને જ-તે બંને ભાવોને ગૌણ કરતાં જ સમયસારરૂપ પરમપારિણામિકભાવરૂપ=પરમજ્યોતિરૂપ આત્મા પ્રગટ થાય છે=જણાય છે અનુભવાય છે=વ્યક્તિરૂપ થાય છે) વળી કેવો છે? સર્વથા એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી, નિર્બાધ છે. (એટલે કે જેઓ સમ્યગ્દર્શન માટે સર્વથા એકાંતનયની પ્રરૂપણા માં રાચે છે તેને આત્મા કદી પ્રાપ્ત થાય તેવો નથી.)

કળશ ૫:- ૧૧ અને ૧૨ ને દ્રઢ કરાવે છે, કે જે ભેદરૂપ વ્યવહારનય છે તે અજ્ઞાનીને માત્ર સમજાવવા માટે છે, પરંતુ તેમ ભેદરૂપ આત્મા છે નહીં. માટે આશ્રય તો અભેદ રૂપ

આત્મનો=શુધ્ધાત્માનો કે જેમાં પરદ્રવ્યોથી થતાં ભાવોને ગૌણ કરેલ છે, તેનો જ કરવાનો છે. તે આત્મા જ ઉપાદેય છે.

કળશ-૬:- અત્રે આચાર્ય ભગવંત જણાવે છે કે જે નવ તત્વની પરિપાટી છે તેને છોડીને (ગૌણ કરીને) જોતા-તે ભાવ ને અનુભવતાંજ આત્મ પ્રાપ્ત થાય છે.

કળશ ૭:- માં આચાર્ય ભગવંત ગાથા -૧૩ નો જ ભાવ વ્યકત કરે છે કે નવ તત્વ માં વ્યાપ્ત એવી આત્મજયોતિ (સમ્યગ્દર્શનરૂપ આત્મા- પરમપારિણામિકભાવ) નવ તત્વોને ગૌણ કરતાંજ એક એવી અખંડ આત્મજયોતિ પ્રાપ્ત થાય છે.

ગાથા ૧૩:–(ગાથાર્થ)-ભૂતાર્થ નયથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ - એ નવ તત્વ સમ્યકત્વ છે. (આ ગાથા 'સમયસાર' ના સારરૂપે છે. સર્વ અધિકારો નો ઉલ્લેખ આ ગાથામાં કરી સર્વે અધિકારો ના સારરૂપે સમ્યગ્દર્શન રૂપ આત્મા નું સ્વરૂપ સમજાવેલ છે.)

ગાથા ૧૩:- ટીકા:- આ જીવદિ નવતત્વો ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે.(-એ નિયમ કહ્યો) (ભૂતાર્થનયથી એટલેકે અભેદનયથી=આ જીવાદિ નવ તત્વોરૂપે આત્મા પરિણમે છે છતાં તેઓને ગૌણ કરતાં- પર્યાયથી રહિત દ્રવ્યની પ્રાપ્તિ થાય છે=સમ્યગ્દર્શન થાય છે); કારણકે તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ(વ્યવહાર)નયથી કહેવામાં આવે છે (એટલે કે જે જીવ અપરમભાવે સ્થિત છે - અજ્ઞાની છે તેને મ્લેચ્છની ભાષામાં એટલે કે આગમની ભાષામાં જીવને ઉદય-ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક-પારિણામિક એવા પાંચ ભાવરૂપે પ્રરૂપવામાં આવે છે) એવા આ નવ તત્વો–જેમના લક્ષણ જીવ, અજીવ, પુણ્ય, પાપ આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે–તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણુ પ્રાપ્ત કરી (એટલે કે તે સર્વે તત્વો રૂપે જે આત્મા પરિણમેલ છે તે બાહ્ય નિમિત્ત ના ભાવ અથવા અભાવથી પરિણમેલ છે તે સર્વે તત્વોરૂપ પરિણમેલ ભાવને ગૌણ કરતાં જ એક અભેદ એવો સહજ પરિણમનરૂપ આત્મા કે જે પરમપારિણામિકભાવરૂપ છે=સમયસારરૂપ છે તે પ્રાપ્ત થાય છે), શુધ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ-કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે-તેની પ્રાપ્તિ હોય છે (સમ્યગ્દર્શનરૂપ - સમયસારરૂપ આત્માની પ્રાપ્તિ હોય છે.) (શુધ્ધનયથી નવતત્વને જાણવાથી આત્માની અનુભૂતિ થાય છે તે હેતુથી આ નિયમ કહ્યો). ત્યાં, વિકારી થવા યોગ્ય (આત્મા) અને વિકાર કરનાર(કર્મો)-એ બંન્ને પુણ્ય છે...; કારણકે એકનેજ(આત્માને) પોતાની મેળે (સ્વભાવથી) પુણ્ય,પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉપપત્તિ (સિધ્ધિ–તે ભાવરૂપ આત્માનું પરિણમવું) બનતી નથી. તે બંન્ને જીવ (ભાવકર્મ) અને અજીવ (દ્રવ્યકર્મ) છે (અર્થાત્ તે બબ્બેમાં એક જીવ છે ને બીજું અજીવ છે).

બાહ્ય (સ્થૂલ) દૃષ્ટિથી જોઈએ તો:-જીવ-પુદ્ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં આ નવ તત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે, (એટલે કે આગમમાં નિરૂપિત પાંચ ભાવ યુકત જીવમાં આ નવ તત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે.), અને એક જીવદ્રવ્યના સ્વભાવ ('સ્વ' નો ભાવ = 'સ્વ' નું સહજપરિણમનરૂપભાવ = પરમપારિણામિકભાવ = કારણશુધ્ધપર્યાય = કારણશુધ્ધ પરમાત્મારૂપ ભાવ) ની સમીપ જઈને અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. ('સમયસાર' જેવા અધ્યાત્મ ગ્રંથ માં નિરૂપિત શુધ્ધાત્મારૂપ જીવ માં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.) (જીવનાં એકાકાર સ્વરૂપમાં તેઓ નથી) તેથી આ નવ તત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે... આ જ ગાથાનાં ભાવ કળશ ૮ માં વિશેષ રૂપે સમજાવેલ છે.

કળશ ૮ઃ- (શ્લોકાર્થ)- આ રીતે નવ તત્વોમાં ઘણા કાળથી છુપાયેલી આ આત્મજ્યોતિને (આત્માના ઉદય-ક્ષયોપશમરૂપ જે ભાવો છે તે સર્વે જીવો ને અનાદિના હોય છે. જે જીવ અજ્ઞાની છે તે તેજ ભાવમાં રમે છે છતાં પણ દરેક જીવમાં અનાદિથી પરમપારિણામિકભાવરૂપ છુપાયેલી આત્મજ્યોતિ મૌજૂદ જ હોય છે, હાજર જ હોય છે. માત્ર અન્યભાવોને ગૌણ કરીને તેનું લક્ષ કરતાં જ તે પ્રાપ્ત થાય છે), જેમ વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ, શુધ્ધનયથી (ઉપર કહ્યા પ્રમાણે અશુધ્ધ ભાવોને ગૌણ કરતાંજ) બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે. માટે હવે હે ભવ્ય જીવો! હંમેશા આને અન્ય દ્રવ્યોથી તથા તેમનાથી થતાં નૈમિત્તિક ભાવોથી ભિન્ન; એકરૂપ દેખો. આ (જ્યોતિ=પરમપારિણામિકભાવ), પદે-પદે અર્થાત પર્યાયે પર્યાયે એકરૂપ ચિત્યમત્કારમાત્ર ઉધોતમાન છે. (પર્યાયમાં પૂર્ણ જીવ વ્યકત થતો હોવાથી- પર્યાયમાં પૂર્ણ દ્રવ્ય આવી જતું હોવાથી આમ કહેલ છે. એટલે કે પર્યાય જ વર્તમાન જીવ દ્રવ્ય છે. એમ જે આગળ જણાવેલ તે દ્દઢ થાય છે)

અત્રે એ સમજવું જરૂરી છે કે આગમ અને અધ્યાત્મમાં વિરોધ નથી જ કારણ કે આગમથી જીવનું સ્વરૂપ ‘જેમ છે તેમ’ સમજીને એટલે કે જીવને સર્વે નયથી જાણીને અધ્યાત્મરૂપ શુધ્ધનય વડે ગ્રહણ કરતાંજ સમ્યગ્દર્શન રૂપ આત્મજ્યોતિ પ્રગટ થાય છે, પ્રાપ્ત થાય છે.

કળશ ૯ઃ- (શ્લોકાર્થ)- આચાર્ય શુધ્ધનયનો અનુભવ કરી કહે છે કે- આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુધ્ધનય (એટલે કે જીવમાં ભેદરૂપ- દ્રવ્ય-ગુણ-પર્યાય અથવા ઉદય-ઉપશમ-ક્ષયોપશમરૂપ ભાવોને ગૌણ કરીને પરમ પારિણામિક ભાવરૂપ, સમયસારરૂપ શુધ્ધનય) નો વિષયભૂત ચૈતન્ય–ચમત્કારમાત્ર (જ્ઞાનમાત્ર = પરમપારિણામિકભાવમાત્ર) તેજઃપુંજ આત્મા, તેનો અનુભવ થતાં નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, (પરમપારિણામિકભાવ માં કોઈજ વિકલ્પરૂપ નયો – નિક્ષેપો - સ્વ-પરરૂપ ભાવો નથી. ત્યાં માત્ર એકજ ભાવ- ‘હું’ પણું છે) પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે. અને નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા નથી. આથી અધિક શું કહીએ? દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી. (અત્માઅનુભૂતિ ના કાળમાં માત્ર ‘હુ’ નો જ આનંદ- વેદન હોય છે ત્યાં સ્વ-પર રૂપ દ્વૈત હોતું નથી.)

કળશ ૧૦ઃ- (શ્લોકાર્થ)- શુધ્ધનય આત્મના સ્વભાવને પ્રગટ કરતો (‘સ્વ’ ના ભવન રૂપ = ‘સ્વ’ નું સહજ પરિણમનરૂપ = પરમપારિણામિકભાવરૂપ પ્રગટ કરતો) ઉદયરૂપ થાય છે. તે આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે?(એટલેકે તે પ્રગટ કરેલો આત્મસ્વભાવ કેવો છે?) પરદ્રવ્ય, પરદ્રવ્યનાં ભાવો તથા પરદ્રવ્યનાં નિમિત્તથી થતાં પોતાના વિભાવો-એવા પરભાવોથી ભિન્ન કરે છે. (પરદ્રવ્ય પર છે અને પરદ્રવ્ય નાં નિમિતથી થતાં પોતાના વિભાવો છે તે જીવરૂપ છે તેથી તે વિભાવોને ગૌણ કરે છે અને વિભાવોમાં છૂપાયેલી આત્મજ્યોતિ ને મુખ્ય કરે છે) વળી તે, આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે-સમસ્ત લોકાલોકને જાણનાર છે-એમ પ્રગટ કરે છે; (કારણ કે જ્ઞાનમાં ભેદ કર્મસંયોગથી છે, શુધ્ધનયમાં કર્મ ગૌણ છે) (અત્રે સમજવાનું એ છે કે પરમપારિણામિક ભાવ રૂપ આત્માનું એટલે કે જ્ઞાનનું લક્ષણ–જ્ઞાનનો સ્વભાવ સ્વપરને જાણાવાનો છે તેથી જ તે જ્ઞાન નામ પામે છે જેમ કે અરિસા નો સ્વભાવ પ્રતિબિંબ રૂપે પરને ઝળકાવવાનો છે તે પ્રતિબિંબને ગૌણ કરતાંજ ત્યાં અરીસાનું સ્વચ્છત્વરૂપ પરિણમન હાજર છે, તેમ જ્ઞાન નો સ્વભાવ લોકાલોક ને ઝળકાવવાનો છે તેથીજ કરીને તે ‘જ્ઞાન’ નામ પામે છે. તે જ્ઞેયરૂપ ઝલકન ને ગૌણ કરતાં જ ત્યાં જ્ઞાનમાત્રરૂપ = પરમપારિણામિકભાવરૂપ – જ્ઞાયક હાજર જ છે. તેથી કરી ‘આત્મા ખરેખર પરને જાણતોજ નથી’ એવી પ્રરૂપણા કરીને આત્માનાં લક્ષણનો અભાવ કરવાથી આત્માનો જ અભાવ થાય છે.) વળી તે, આત્મસ્વભાવને આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે (પરમપારિણામિકભાવ તે

આત્માનો અનાદિ અનંત 'સ્વ' ભવન રૂપ 'સ્વ'ભાવ છે) વળી તે, આત્મસ્વભાવને એક- સર્વ ભેદભાવોથી (દ્વૈત ભાવોથી) રહિત એકાકાર-પ્રગટ કરે છે, (સર્વ પ્રકારના ભેદરૂપભાવ જેવા કે– દ્રવ્ય-ગુણ-પર્યાય, જ્ઞાન-દર્શન-ચરિત્ર, સ્વ-પરરૂપ ભાવોથી રહિત પ્રગટ કરે છે.) અને જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે એવો પ્રગટ કરે છે. (ઉદય, ક્ષયોપશમ રૂપ ભાવો ને ગૌણ કરતાં જ પરમપારિણામિકભાવરૂપ આત્મા માં કોઈજ સંકલ્પ–વિકલ્પ, નય-પ્રમાણ-નિક્ષેપો વગેરે રહેતાં જ નથી-એવો આત્મા ઉદય પામે છે.) આવો શુધ્ધનય પ્રકાશરૂપ થાય છે.

ગાથા ૧૪:- ટીકા:- નિશ્ચયથી અબદ્ધ-અસ્પૃષ્ટ (આત્માના ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષયિક એવા ચાર ભાવો થી અબદ્ધ-અસ્પૃષ્ટ), અનન્ય, (છતાં આત્માના સહજ પરિણમન = પર્યાય થી અનન્ય = પરમપારિણામિકભાવરૂપ = કારણશુધ્ધપર્યાયરૂપ), નિયત(નિયમથી ગુણોના પરિણમનરૂપ), અવિશેષ(જેમાં વિશેષરૂપ ચાર ભાવોનો અભાવ છે એવો, સામાન્ય પરિણમનરૂપ-સહજ પરિણમનરૂપ) અને અસંયુકત (કે જે ઉપર કહ્યા તેવા ચાર ભાવો થી સંયુકત નથી – તે ચાર ભાવોને ગૌણ કરતાં જ શુધ્ધનય નો આત્મા પ્રાપ્ત થાય છે) એવા આત્માની જે અનુભૂતિ તે શુધ્ધનય છે, અને એ અનુભૂતિ આત્મા જ છે, એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે....

કળશ ૧૧:- (શ્લોકાર્થ)- જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે જ્યાં આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો (ઉપર કહ્યાં તે ચાર ભાવો) સ્પષ્ટપણે તે સ્વભાવના ઉપર તરે છે (એટલે કે તે ભાવો થાય છે તો આત્માના સહજ પરિણમનરૂપ પરમપારિણામિકભાવમાં = આત્મામાં) તોપણ (તેમાં = પરમપારિણામિકભાવમાં) પ્રતિષ્ઠા પામતા નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ (દ્રવ્યરૂપ આત્માના –'સ્વ' નું ભવનરૂપ 'સ્વ'ભાવ) તો નિત્ય છે (એટલે કે એવો ને એવો જ થાય છે), એકરૂપ છે (અનન્યરૂપ છે, અભેદ છે ત્યાં તે દ્રવ્ય-પર્યાયરૂપ કથન ભેદ હોવા છતાં ભાવ ભેદ પામતો નથી કારણ કે તેની પર્યાયમાં જ પૂર્ણ દ્રવ્ય સમાયેલું છે - મૌજૂદ છે) અને આ ભાવો (એટલે કે અન્ય ચાર ભાવો) અનિત્ય છે, અનેકરૂપ છે, પર્યાયો (ચાર ભાવરૂપ પર્યાયો- વિભાવભાવ) દ્રવ્ય સ્વભાવમાં પ્રવેશ કરતા નથી, ઉપરજ રહે છે (તે ચાર ભાવ પરમપારિણામિકભાવરૂપ દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ પામતાં નથી) આ શુધ્ધ સ્વભાવ ('સ્વ'ના ભવનરૂપ = પરમપારિણામિકભાવ) સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. (આત્મામાં ત્રણેકાળ છે એટલે જ ત્રિકાળી શુધ્ધ ભાવ કહેવાય છે) એવા શુધ્ધ સ્વભાવનો, મોહ રહિત થઈને જગત અનુભવ કરો; (અન્ય ચાર ભાવોને ગૌણ કરીને અનુભવ કરો); કારણકે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી.

કળશ -૧૨:- (શ્લોકાર્થ)- જો કોઈ સુબુધ્ધિ (એટલે કે જેને તત્વોનો નિર્ણય થયો છે તેવો કે જે સમ્યગ્દર્શન પામવાની આગળની પર્યાયમાં સ્થિત છે તેવો) ભૂત, વર્તમાન અને ભાવિ એવા ત્રણે કાળના (કર્મોના) બંધને પોતાના આત્માથી તત્કાળ-શીઘ્ર ભિન્ન કરીને (એટલે કર્મોરૂપી પુદ્ગલો ને પોતાથી ભિન્ન જાણી- જડ જાણી પોતાને ચેતનરૂપ અનુભવી) તથા તે કર્મના ઉદયના નિમિત્તથી થયેલ મિથ્યાત્વ (અજ્ઞાન) ને પોતાના બળથી (પુરૂષાર્થથી) રોકીને અથવા નાશ કરીને (કળશ ૧૧ માં જણાવ્યા પ્રમાણે ચાર ભાવોને ગૌણ કરી પોતાને પરમપારિણામિકભાવરૂપ અનુભવતાં જ મિથ્યાત્વ ઉપશમ અથવા ક્ષય ને પામે છે એટલે કે પોતાને ત્રિકાળી શુધ્ધ ભાવરૂપ = પરમપારિણામિકભાવરૂપ જાણવારૂપ પુરૂષાર્થ કરીને) અંતરંગમાં અભ્યાસ કરે – દેખે તો આ આત્મા પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે એવો વ્યકત (અનુભવગોચર), ધ્રુવ (નિશ્ચલ), શાશ્વત, નિત્ય કર્મકલંક–કર્દમથી રહિત (પરમપારિણામિકભાવરૂપ)એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ વિરાજમાન છે.

અત્રે વિસ્તાર ભયથી વધારે ન જણાવતાં હવે ‘સમયસાર’ ની અમુક ગાથાઓં, ટીકા અને કળશ ઉપર થોડોક પ્રકાશ પાડીને પૂરૂં કરવાની ભાવના છે.

ગાથા ૨૯૪:- ટીકા- ....આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે, કારણ કે તે સમસ્ત શેષ દ્રવ્યોથી અસાધારણ છે (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં તે નથી). તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું (પરિણમતું થકું) જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે (એટલે કે જે જે પર્યાય રૂપે પરિણમે છે = એટલે કે જે પર્યાય છે તે દ્રવ્યનું વર્તમાન છે) અને નિવર્તતું થકું જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે તે તે સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો આત્મા છે એમ લક્ષિત કરવું...(અત્રે સમજવું કે જે આત્મા દ્રવ્ય અભેદ છે તે અભેદ રૂપે જ પરિણમે છે એટલેજ કહ્યું છે કે સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો આત્મા છે. જે સર્વ પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાય ની સમજણમાં કહેલ તે જ ભાવ દૃઢ થાય છે) (અત્રે જણાવેલ ભાવ ગાથા ૩૦૯ માં પણ દૃઢ થાય છે)

ગાથા ૩૦૯:-(ગાથાર્થ)- જીવ અને અજીવનાં જે પરિણામો સૂત્રમાં દર્શાવ્યા છે, તે પરિણામોથી તે જીવ અથવા અજીવને અનન્ય જાણ. (આ જ કારણ છે કે દૃષ્ટિ નો વિષય કે જે પર્યાય થી રહિત દ્રવ્ય છે તેને પ્રાપ્ત કરવાની વિધિ ગાથા ૨૯૪ માં પ્રજ્ઞારૂપ છીણી = ભગવતી પ્રજ્ઞા = જ્ઞાનસ્વરૂપ બુધ્ધિ = તત્વના નિર્ણય સહિત ની બુધ્ધિ કહી. તેથી કરીને વિભાવરૂપ ભાવને ગૌણ કરતાંજ શુધ્ધનયરૂપ = સમયસારરૂપ આત્મા પ્રાપ્ત થાય છે.)

ગાથા ૩૫૬:-(ગાથાર્થ)- જેમ ખડી પરની નથી ખડી તે તો ખડી જ છે, તેમ જ્ઞાયક (જાણનારો,આત્મા) પરનો નથી. (જ્ઞાયક એટલે જાણનાર હોવા છતાં સ્વ-પર ને જાણાવનો સ્વભાવ હોવા છતાં તે પરરૂપે પરિણમીને જાણતો નહિ હોવાથી તે પરનો નથી. પરંતુ સ્વ-પર ને જાણવું તે તો ‘સ્વ’નું જ પરિણમન છે). જ્ઞાયક (સ્વ-પર જે જાણનાર) તે તો જ્ઞાયક જ છે. (પ્રતિબિંબને ગૌણ કરતાં માત્ર પરમપારિણામિકભાવરૂપ જ્ઞાયક જ છે.)

કળશ ૨૧૫:- (શ્લોકાર્થ)- જેણે શુધ્ધ દ્રવ્યના નિરૂપણમાં બુધ્ધિને સ્થાપી-લગાડી છે અને જે તત્વને અનુભવે છે, (એટલે કે જે સમ્યગ્દૃષ્ટિ છે તે) તે પુરૂષને એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું બિલકુલ (કદાપિ) ભાસતું નથી. (જેમ અરિસામાં પ્રતિબિંબ હોવા છતાં જ્ઞાની અરીસા માં કોઈ અન્ય પદાર્થ કે જે પ્રતિબિંબરૂપ છે તે તેમાં ઘૂસી ગયેલ જાણતો નથી. જ્ઞાની તેને અરીસાનું જ પરિણમન જાણે છે. એટલે કે ત્યાં પ્રતિબંબને ગૌણ કરીને અરીસાને અરીસારૂપે જ અનુભવે છે તેમ) જ્ઞાન જ્ઞેયને જાણે છે (એટલે કે જ્ઞાનનું સ્વ-પર પ્રકાશકપણું છે, ‘આત્મા ખરેખર પરને જાણતો નથી’ એવું સ્વરૂપ નથી) તે તો આ જ્ઞાનના શુધ્ધ સ્વભાવનો ઉદય છે આમ છે. (એટલે કે જ્ઞાન સ્વભાવથી જ સ્વ-પરને જાણે છે એવુંજ છે.) તો પછી લોકો (અજ્ઞાની= મિથ્યાત્વિ લોકો) જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની માન્યતાથી આકુળ બુધ્ધિવાળા થયા થકા (એટલે કે અજ્ઞાની = મિથ્યાત્વી જ્ઞાન પર ને જાણે તો જ્ઞાન ને પર સાથે સ્પર્શ થઈ ગયેલ માનીને આકુળ બુધ્ધિવાળા થયા થકા) તત્વથી (શુધ્ધ સ્વરૂપથી) (એટલે કે સમ્યગ્દર્શનથી) શા માટે ચ્યુત થાય છે ?

વસ્તુનું સ્વરૂપ અનેકાંતમય છે અને ‘તે જેમ છે તેમ જ’ સમજવું અત્યંત જરૂરી છે, નહી તો (અન્યથા) મિથ્યાત્વનો નાશ શકય જ નથી. અનેકાંતનું સ્વરૂપ ‘સમયસાર’ ના પરિશિષ્ટ માં જણાવેલ છે તેના ઉપર થોડોક પ્રકાશ પાડીશું.

કળશ- ૨૪૭:- (પછીની ટીકા) ... વળી, જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા માટે (પરમપારિણામિકભાવની અનુભૂતિ માટે) અનેક જ્ઞેયાકારોનાં ત્યાગ વડે પોતાનો નાશ કરે છે (અર્થાત્ જ્ઞાનમાં જે અનેક જ્ઞેયોનાં આકાર આવે છે તેમનો ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે=એટલે કે 'આત્મા ખરેખર પરને જાણતો નથી' એમ કહેતાં જ્ઞાન ના નાશ નો પ્રસંગ આવે છે. તે જ વાત અપેક્ષા લગાવીને કહેવામાં આવે તો સમજી શકાય પણ આ વાત એકાંતે સત્ય નથી) ત્યારે (તે જ્ઞાન માત્ર ભાવનું=સમયસારરૂપ આત્માનું) પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૪ જ્યારે આ જ્ઞાનમાત્રભાવ, જાણવામાં આવતાં એવાં પરદ્રવ્યોના પરિણમનને લીધે જ્ઞાતૃદ્રવ્યને પરદ્રવ્યપણે માનીને -અંગીકાર કરીને નાશ પામે છે, (એટલે કે આત્મા ખરેખર પરને જાણે છે પરંતુ પરને જાણવારૂપે તે જ્યારે પરિણામે છે ત્યારે તેને પરદ્રવ્યરૂપ માને તો તે મિથ્યાત્વ છે), ત્યારે (તે જ્ઞાનમાત્રભાવનું) સ્વદ્રવ્યથી સત્પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે – નાશ પામવા દેતો નથી ૫... જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનિત્ય જ્ઞાનવિશેષો વડે (પરને જાણવારૂપે પરિણમીને) પોતાનું નિત્ય જ્ઞાનસામાન્ય ખંડિત થયું માનીને નાશ પામે છે (એટલે કે જે એવું માને છે કે જો આત્મા પરને જાણેતો પરમપારિણામિકભાવરૂપ 'દૃષ્ટિના વિષય'નો નાશ થાય છે તે ભૂલભરેલું છે કારણ કે તે પરના જાણવાના પરિણમનરૂપ પોતાના વિશેષ આકારોને ગૌણ કરતાં જ સમયસારરૂપ=પરમપારિણામિકરૂપ ભાવની પ્રાપ્તિ થાય છે, સમ્યગ્દર્શન થાય છે), ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) જ્ઞાન સામાન્ય રૂપથી નિત્યપણું પ્રકાશતો થકો અનેકાત જ તેને જિવાડે છે- નાશ પામવા દેતો નથી.૧૩ (આ જ ભાવ કળશ ૧૪૩ માં દર્શાવેલ છે કે - સહજ જ્ઞાનના પરિણમન વડે=પરમ પારિણામિકભાવ વડે આ જ્ઞાનમાત્ર પદ=સમયસારરૂપ આત્મા કર્મ થી ખરેખર વ્યાપ્ત નથી જ, કર્મથી જીતી શકાય તેવો નથી જ, માટે નિજ જ્ઞાનની કળાનાં બળથી - મતિજ્ઞાનાદિરૂપ=જ્ઞેયાકારરૂપ પરિણમનથી આ પદને=સમયસારરૂપ પદને=પરમપારિણામિકભાવરૂપ પદને અભ્યાસવાને જગત સતત પ્રયાસ કરો. અત્રે આત્માનું પરનું જાણવું જે છે તેને સીડી તરીકે=આલંબન તરીકે વાપરીને સમયસારરૂપ ભગવાન આત્માની પ્રાપ્તિ માટે પ્રયાસ કરવાનું= અભ્યાસવાનું કહ્યું છે). વળી, જ્યારે તે જ્ઞાનમાત્રભાવ નિત્ય જ્ઞાનસામાન્યનું ગ્રહણ કરવા માટે (સમયસારરૂપ પરમપારિણામિકભાવના ગ્રહણ માટે=સમ્યગ્દર્શન માટે) અનિત્ય જ્ઞાન વિશેષોના ત્યાગ વડે (એટલે કે જો એમ કહીએ કે – 'આત્મા ખરેખર પરને જાણતો જ નથી' તો તેના વડે જ્ઞેયોના=અનિત્ય જ્ઞાન વિશેષોના ત્યાગ વડે પોતાનો જ નાશ કરે છે. બીજું જ્ઞાન વિશેષરૂપ પર્યાયો – વિભાવ પર્યાય નો ત્યાગ કરતાં પણ પોતાનો નાશ થાય છે અને પોતે ભ્રમમાં જ રહે છે માટે જિનાગમમાં જ્ઞાન વિશેષોનો ત્યાગ નહીં પણ ગૌણ કરવાનું જ વિધાન છે કે જે અનેકાંત સ્વરૂપ આત્માનો નાશ થવા દેતો નથી=મિથ્યાત્વ રૂપે પરિણમતો નથી) પોતાનો નાશ કરે છે (અર્થાત્ જ્ઞાનના વિશેષોનો ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે). ત્યારે (તે જ્ઞાન માત્ર ભાવનું) જ્ઞાનવિશેષરૂપથી અનિત્યપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. ૧૪

કળશ ૨૫૦:- (શ્લોકાર્થ)- પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, બાહ્ય પદાર્થોને ગ્રહણ કરવાના (જ્ઞાનના) સ્વભાવની અતિશયતાને લીધે, (અત્રે જણાવ્યુ છે કે આત્મા પરને જાણે છે તે તેના સ્વભાવની અતિશયતા છે), ચારે તરફ (સર્વત્ર) પ્રગટ થતાં અનેક પ્રકારના જ્ઞેયાકારોથી જેની શક્તિ વિશીર્ણ થઇ ગઇ છે એવો થઈને (અર્થાત અનેક જ્ઞેયોના આકારો જ્ઞાનમાં જણાતાં જ્ઞાનની શક્તિને છિન્ન-ભિન્ન–ખંડખંડરૂપ થઈ જતી માનીને - એટલે કે અજ્ઞાની આત્માની જે સ્વભાવરૂપ સ્વ-પર પ્રકાશક શક્તિ છે તેથી આત્મા પરને જાણે છે અને તેથી કરીને સમયસારરૂપ આત્માનો નાશ માને છે. એટલે કે એમ કહે છે કે જ્યાં સુધી આત્મા પરને જાણે છે એમ માનવામાં આવે ત્યાં સુધી

સમ્યગ્દર્શન થશે નહિ=સમયસારરૂપ આત્મા પ્રાપ્ત થશે નહિ અને તેથી જ એકાંતે એવી પ્રરૂપણા કરે છે આત્મા ખરેખર પરને જાણતો જ નથી.) સમસ્તપણે તૂટી જતો થકો (અર્થાત્ ખંડખંડરૂપ-અનેકરૂપ-થઈ જતો થકો. અજ્ઞાની ને ખંડખંડરૂપ વિશેષ ભાવોમાં રહેલ જ્ઞાનસામાન્યભાવ જણાતો નથી=અખંડ ભાવ જણાતો નથી માટે ખંડ ખંડરૂપ વિશેષભાવોનો નિષેધ કરે છે) નાશ પામે છે. અને અનેકાંતનો જાણનાર તો (જ્ઞાની=સમ્યગ્દર્શની), સદાય ઉદિત (પ્રકાશમાન=જ્ઞાન સામાન્યભાવ=પરમપારિણામિકભાવ=સમયસારરૂપભાવ) એકદ્રવ્યપણાને લીધે (ખંડ-ખંડ રૂપ ભાસતા જ્ઞાનમાં છૂપાયેલ અખંડ જ્ઞાન પણા ની અનુભૂતિ ને લીધે) ભેદના ભ્રમ ને નષ્ટ કરતો થકો (અર્થાત્ જ્ઞેયોના ભેદે જ્ઞાનમાં સર્વથા ભેદ પડી જાય છે એવા ભ્રમનો નાશ કરતો થકો - એટલે કે જો જ્ઞાનને પરનું જાણપણું માનીએ તો સમ્યગ્દર્શન ન થાય તેવા ભ્રમનો નાશ કરતો થકો) જે એક છે અને જેનું અનુભવન (સમયસારરૂપ=પરમ પારિણામિકભાવરૂપ=જ્ઞાનસામાન્યરૂપ એક અભેદ આત્મા) નિર્બાધ છે એવા જ્ઞાનને દેખે છે-અનુભવે છે.

કળશ ૨૬૨:- (શ્લોકાર્થ)- આ રીતે અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ અજ્ઞાનમૂઢ પ્રાણીઓને જ્ઞાનમાત્ર આત્મતત્વ પ્રસિધ્ધ કરતો સ્વયમેવ અનુભવાય છે.

કળશ ૨૬૫:- ભાવાર્થ- જે સત્પુરુષો અનેકાંત સાથે સુસંગત દૃષ્ટિ વડે અનેકાંતમય વસ્તુસ્થિતિને દેખે છે, તેઓ એ રીતે સ્યાદ્વાદની શુધ્ધિને પામીને–જાણીને, જિનદેવના માર્ગને-સ્યાદ્વાદન્યાયને–નહિ ઉલ્લંઘતા થકા, જ્ઞાનસ્વરૂપ થાય છે.

કળશ ૨૭૦:-(શ્લોકાર્થ)- અનેક પ્રકારની નિજ શક્તિઓના સમુદાયમય આ આત્મા નયોની દૃષ્ટિથી ખંડખંડરૂપ કરવામાં આવતાં તત્કાળ નાશ પામે છે (જો કોઈ પણ નયને એકાંતે ગ્રહણ કરવામાં આવે અથવા એકાંત પ્રરૂપણા કરવામાં આવે તો આત્મા ખંડખંડરૂપ થતાં તત્કાળ નાશ પામે છે એટલે કે મિથ્યાત્વી થાય છે) માટે હું એમ અનુભવું છું કે- જેમાંથી ખંડોને નિરાકૃત (બિહિષ્કૃત) કરવામાં આવ્યા નથી (એટલે કે તે ખંડખંડરૂપ જ્ઞેય હો કે વિભાવ પર્યાય હો તેને આત્મામાંથી દૂર ન કરતાં, ગૌણ કરવાથી) છતાં જે અખંડ છે, એક છે, એકાંત શાંત છે (એટલે કે ખંડખંડ રૂપ વિશેષ ભાવમાં અખંડ સામાન્યભાવ રહેલ છે-છુપાયેલ છે. તેથી ખંડ ખંડ ભાવ નો નિષેધ નથી તેને ગૌણ કરતાંજ અખંડભાવ પ્રાપ્ત થાય છે) (અર્થાત્ કર્મના ઉદયનો લેશ પણ નથી એવા અત્યંત શાંત ભાવમય છે=પરમ પારિણામિક ભાવમય છે) અને અચળ છે (અર્થાત કર્મના ઉદય થી ચળાવ્યું ચળતું નથી) એવું ચૈતન્યમાત્ર તેજ હું છું.

કળશ- ૨૭૧:- ભાવાર્થ– જ્ઞાનમાત્ર ભાવ (પરમપારિણામિકભાવ) જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે (અત્રે સમજવું એમ કે જે અજ્ઞાની છે કે જેને આત્માપ્રાપ્તિ ની તલપ પણ છે તેને જ્ઞાન કે જે આત્માનું લક્ષણ છે કે જે સ્વ-પર ને જાણે છે તેવું જ્ઞાનમાત્ર સ્વરૂપ આત્માનું છે એટલે કે જે જ્ઞેયને જાણે છે તે જાણનારો હું છું અને તે જાણન ક્રિયા વખતેજ જ્ઞેયને ગૌણ કરતાં જ, નિષેધ કરતાં નહીં, સામાન્યજ્ઞાનરૂપ-જ્ઞાનમાત્રભાવની પ્રાપ્તિ થાય છે) વળી તે પોતેજ નીચે પ્રમાણે જ્ઞેય રૂપ છે (જ્ઞેય છે તે જ્ઞાન જ છે - અને જ્ઞાન છે તે જ્ઞાયક જ છે. તો પરને જાણવાનો=જ્ઞેયને જાણવાનો નિષેધ કરતાં જ્ઞાનનો નિષેધ થાય છે=જ્ઞાન માત્ર ભાવનાં અભાવ નો પ્રસંગ આવે છે.) બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે, જ્ઞાનમાં પેસતાં નથી; જ્ઞેયોના આકારની ઝળક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકાર રૂપ દેખાય છે પરંતુ એ જ્ઞાનનાં જ કલ્લોલો (તરંગો) છે. (જ્યારે જ્ઞેય ને જાણવાનો નિષેધ કરતાં જ્ઞાન કલ્લોલોનો જ નિષેધ થાય છે કે જે સ્વયં જ્ઞાનમાત્ર પોતે જ છે. માટે જ્ઞેય ને જાણવાનો નિષેધ કરતાંજ જ્ઞાન માત્રનાં અભાવનો પ્રસંગ આવે છે. જેનું પરિણામ એકમાત્ર ભ્રમ જ રૂપે છે.) તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે

જણાય છે. (અત્રે એ સમજવું જરૂરી છે કે ગાથા -૬ ની ટીકામાં જણાવ્યા અનુસાર જ્ઞાન કલ્લોલો=જ્ઞેયાકાર અને જ્ઞાનમાત્ર એ બંન્ને અભિન્ન જ છે - અનન્ય છે અને તેનુ એટલે કે કર્તા-કર્મનું અનન્યપણુ હોવાથી તે જ્ઞાયક જ છે) આ રીતે પોતેજ પોતાથી જાણવાયોગ્ય હોવાથી (એટલે કે જ્ઞાન કલ્લોલો અને જ્ઞાન અનન્ય રૂપે જ છે. અને જો તેમાં કલ્લોલો નો નિષેધ કરવામાં આવે, પર જ્ઞેયને જાણવાનો નિષેધ કરવામાં આવે તો તે નિષેધ જ્ઞાયક નો જ સમજવો. કારણકે કર્તા-કર્મ નું અનન્યપણું હોવાથી જ્ઞેયાકાર જ્ઞાયક જ છે) જ્ઞાનમાત્રભાવ (પરમપારિણામિકભાવ) જ જ્ઞેયરૂપ છે (અત્રે જો જ્ઞેયો ને જાણવાનો નો નિષેધ કરવામાં આવે તો જ્ઞાન માત્ર ભાવનો (સમયસારરૂપભાવ) જ નિષેધ થતાં તેને આત્માની પ્રાપ્તિ નથી થતી) વળી પોતેજ (જ્ઞાનમાત્રભાવ) પોતાનો (જ્ઞેયરૂપ ભાવ=જ્ઞાન કલ્લોલોનો) જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે=જ્ઞાયક છે (એટલે કે જે જ્ઞેય ને જાણે છે તે જ હું છું=ત્યાં જ્ઞેયો ને ગૌણ કરતાં જ હું પ્રગટ થાય છે નહીં કે જ્ઞેયોને જાણવાનો નિષેધ કરતાં). આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય, જ્ઞાતા એ ત્રણે ભાવોયુક્ત સામાન્યવિશેષસ્વરૂપ વસ્તુ છે. (સામાન્ય-વિશેષ માં નિયમ એવો છે કે વિશેષ ને કાઢતાં સામાન્ય જ નીકળી જાય છે માટે અહીં વિશેષ ને ગૌણ કરતાં જ સામાન્ય હાજર રહે છે એમ સમજવું માટે જ્ઞાન, જ્ઞેય, જ્ઞાતા માંથી કોઈપણ એકનો નિષેધ તે ત્રણે નો એટલે કે જ્ઞાયકનો જ નિષેધ છે એમ સમજવું.) 'આવો જ્ઞાનમાત્રભાવ હું છું' એમ અનુભવ કરનાર પુરૂષ અનુભવે છે. (એટલે કે આ જે જાણે છે તે હું છું પછી તે જાણવું સ્વનું હોય કે પરનું અત્રે એ સમજવું મહત્વનું છે કે કોઈપણ રીતે એટલે કે સ્વનું અથવા પરનું, કોઈપણ જાણપણું નકારતાં જ આત્માનો = જ્ઞાયકનો નકાર હોવાથી તે જિનમત બાહ્ય જ છે કે જે સમયસાર ગાથા -૨ ની ટીકામાં સ્પષ્ટ જણાવેલ છે.)

આજ વાત કળશ ૧૪૦:- (શ્લોકાર્થ)-માં પણ જણાવેલ છે, કે -એક જ્ઞાયકભાવથી ભરેલા મહાસ્વાદને લેતો, (એ રીતે જ્ઞાનમાં એકાગ્ર થતાં બીજો સ્વાદ આવતો નથી માટે) દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ (ત્યાં સ્વ- પર નથી માત્ર હું છું) (અર્થાત્ વર્ણાદિક, રાગાદિક તથા ક્ષયોપશમિક જ્ઞાનના ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ=માટે એમ કહી સકાય કે અનુભુતિ ના કાળે આત્મા પર ને જાણતો નથી) આત્માના અનુભવના- સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી નિજ વસ્તુવૃત્તિને (આત્માની શુધ્ધ પરિણતિને=પરમપારિણામિકભાવ ને=સમયસારરૂપભાવને=કારણશુધ્ધપર્યાયને) જાણતો-આસ્વાદતો (અર્થાત્ આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવનમાંથી બહાર નહીં આવતો = એટલે કે ત્યાં કોઈ જ સ્વ-પર નથી ત્યાં=દ્રવ્ય-પર્યાય એવો કોઈજ ભેદ નથી, કારણ કે વર્તમાન પર્યાયમાં જ પૂર્ણ દ્રવ્ય વ્યકત છે=સમાયેલ છે.) આ આત્મા જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો (અત્રે સમજવાનું એ છે કે વિશેષોનો નિષેધ નથી તેને માત્ર ગૌણ કર્યા છે. આ જ રીત છે અનુભવની) સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો, સકળ જ્ઞાનને એકપણામાં લાવે છે-એકરૂપે પ્રાપ્ત કરે છે.

કળશ ૨૬૧:- ભાવાર્થ- એકાંતવાદી જ્ઞાનને સર્વથા એકાકાર-નિત્ય પ્રાપ્ત કરવાની વાંછાથી, ઉપજતી –વિણસતી ચૈતન્યપરિણતિથી જુદુ કાંઈક જ્ઞાનને ઈચ્છે છે; (જેમકે પરને જણાવાનો નિષેધ કરીને અથવા તો પર્યાય ને દ્રવ્યરૂપ નહીં માનીને); પરંતુ પરિણામ (પર્યાય=જ્ઞેય) સિવાય જુદો કોઈ પરિણામી તો હોતો નથી (આથી જ્ઞેય અથવા પર્યાય ને કાઢતા પૂર્ણ દ્રવ્યનોજ લોપ થાય છે કે જેથી પરિણામી હાથ આવતો નથી= સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી.) સ્યાદ્વાદી તો એમ માને છે કે–જોકે દ્રવ્યે જ્ઞાન નિત્ય છે તો પણ ક્રમશઃ ઉપજતી–વિણસતી ચૈતન્યપરિણતિના ક્રમને લીધે જ્ઞાન અનિત્ય પણ છે; એવો જ વસ્તુસ્વભાવ છે.

ક્રમશ ૨૭૫ઃ-(શ્લોકાર્થ)- સહજ (પોતાના 'સ્વ'ભાવરૂપ) ('સ્વ'ના સહજ ભવનરૂપ='સ્વ'નું સહજ પરિણમન=પરમપારિણામિકભાવ=કારણશુધ્ધપર્યાય ) તેજઃ પુંજમાં (જ્ઞાનમાત્રમાં) ત્રણ લોકના પદાર્થો મગ્ન થતાં હોવાથી (જ્ઞાનમાત્ર એવા આત્માનો સ્વભાવ જ સ્વ-પર ને જાણવાનો છે તેથી કરીને સર્વે જ્ઞેયો જણાય છે = જાણે છે) જેમાં અનેક ભેદો થતાં દેખાય છે (એટલે કે જ્ઞાનમાત્ર ભાવનું જ્ઞેય રૂપે પરિણમન દેખાય છે=થાય છે. છતાં તેનાથી ડરીને કાંઈ જે જ્ઞાનમાત્ર ભાવ નો સ્વભાવ છે, જ્ઞેયને જાણવાનો, તેનો નિષેધ કોઈ કાળે થઈ શકે તેમ નથી.) તો પણ જેનું એક જ સ્વરૂપ છે (સામાન્યભાવ ખંડખંડ થતો નથી. તે અભેદજ રહે છે માટે પર ને જાણવામાં ડરવાની કોઈજ વાત નથી.) ....

સર્વે જીવો આ એક જ્ઞાનમાત્રભાવ = સમયસારરૂપભાવનું અનુભવન કરો અને અક્ષય કલ્યાણ ને પામો એ એક માત્ર ઈચ્છાથી આટલું લખાયેલ જાણવું.

**જયેશ શેઠ (બોરીવલી)**